

**<u>પ્રેસનોટ – તા.૧૧/૦૭/૨૦૨૨</u>**

**<u>અપહરણ અને દુષ્કર્મના કેસમાં મૃત્યુ સુધી આજીવન કેદની સજા ભોગવતા અને પેરોલ રજા પર છુટી બે માસથી ફરાર થઇ ગયેલ કેદીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને તથા જેલમાંથી ફરાર કેદીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી પેરોલ/ફર્લો તથા વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

<u>સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. બી-પાર્ટ ગુ.ર.નં-૧૧૧૯૩૦૫૨૨૦૦૫૧૯/૨૦૨૦, ઇ.પી.કો.</u> **<u>કલમ- ૩૬૩, ૩૬૬, ૩૭૬ એબી, ૩૭૭ તથા પોક્સો એક્ટ ક.૪,૬,૮,૧૦</u>** મુજબના ગુનાના કામે નામ.એડી.સેશન્સ કોર્ટ (સ્પે.પોક્સો કોર્ટ) અમરેલી દ્વારા આરોપીને કુદરતી મૃત્યુ સુધી આજીવન કેદની શિક્ષા તથા ભોગ બનનારને રૂ.૧૫,૦૦,૦૦,૦૦૦/- (પંદર લાખ) વળતર ચુકવવાનો હુકમ કરેલ હતો. આ આરોપી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે આજીવન કેદની સજા ભોગવી રહેલ હતો અને નામગુજરાત હાઇકોર્ટના . સ્પે.ક્રિ.એ.નં. ૪૦૨૧/૨૦૨૨, તા ૨૦/૦૪/૨૦૨૨ ના હુકમ આધારે.તેની પેરોલ રજા મંજુર થતાં મજકુર કેદી તા-૦૨/૦૫/૨૦૨૨ ના રોજ દિન.૭ની પેરોલ રજા ઉપર જવા છુટો થયેલઅને મજકુર કેદીને . .તા.૧૦/૦૫/૨૦૨૨ ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતુંપરંતુ મજકુર કેદી રાજકોટ મધ્યસ્થ જેલમાં હાજર થવાને બદલે ફરાર થઇ ગયેલ હતો.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** દ્વારા આજ તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ ફરાર થયેલ કેદીને અમરેલી મુકામેથી પકડી પાડી, કેદની સજા ભોગવવા માટે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

➡ <u>પકડાયેલ કેદીનું નામઃ-</u>

**રાજુ ઉર્ફે રાજુકડી નારણભાઇ માંગરોળીયા, ઉં.વ.૩૬, રહે.સાવરકુંડલા, રેલ્વે સ્ટેશન, મેલડીમાતાના મંદીર પાસે, તા.સાવરકુંડલા, જિ.અમરેલી**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



# <u>પ્રેસનોટ – તા.૧૩/૦૭/૨૦૨૨</u>

## <u>અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ ભયજનક ઇસમ સામે પાસા અધિનિયમ મુજબ કાર્યવાહી કરી જેલના સળીયા પાછળ ધકેલ્યો</u>

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ નાઓએ રેન્જના જિલ્લાઓમાં જાણીતા ગુનેગારો અને અસામાજીક તત્વો તથા ગેરકાયદેસર પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા માથાભારે ભયજનક ઇસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને, તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે **ધારી પોલીસ સ્ટેશનના પો.સબ ઇન્સ.શ્રી** નાઓ દ્વારા શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળા **ભયજનક ઇસમ** માવજીભાઇ પુનાભાઇ વાઘેલા, રહે.ધારી, પ્રેમપરા, તા.ધારી, જિ.અમરેલી વાળા વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ.

આવા ભયજનક ઇસમની સમાજ વિરોધી અસામાજિક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં **અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સાહેબ** નાઓએ ભયજનક ઇસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઇસ્યુ કરતાં, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના મુજબ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમે** માવજીભાઇ પુનાભાઇ વાઘેલાને પાસા વોરંટની બજવણી કરી, **અમદાવાદ મધ્યસ્થ જેલ** ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

<u>☞ ભયજનક ઇસમ માવજીભાઇ પુનાભાઇ વાઘેલાનો ગુનાહિત ઇતિહાસઃ-</u>

(૧) ધારી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૯૩૦૧૮૨૨૦૩૧૭/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ.

(૨) અમરેલી રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૨૦૪૦૮/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ.

(૩) ધારી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૪૨/૨૦૧૨, ઇ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ.

(૪) ધારી પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૦૭/૨૦૧૫, ઇ.પી.કો. કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

(૫) ધારી પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૭૭/૨૦૧૯, પ્રોહી. કલમ ૬૬(બી), ૬૫(એફ) મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.